દાખલ તારીખ ઃ–૩૧/૦૫/૨૦૨૬
નોંધ્યા તારીખ ઃ–૩૧/૦૫/૨૦૨૬
**ફેંસલ તારીખ ઃ–૩૧/૦૫/૨૦૨૬**
સમયગાળો ઃ–વર્ષ – માસ – દિવસ
૦૦ – ૦૦ – ૦૦

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ. પાટણ.**

**( પી.એચ.શેઠ, સેશન્સ જજ, પાટણ. )**

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબરઃ– ૪૧૭/૨૦૨૬.**

આંક ઃ– ૦૮.

*અરજદાર* ઃ– જાહીરખાન ઉર્ફે ખોખરો અબ્બાસખાન બેલીમ.
ઉ. વ. – પુખ્ત, ધંધો – મજુરી.
રહે. પાટણ, હે. બુકડી, તા. જી. પાટણ.

**વિરૂધ્ધ**

*સામાવાળા* ઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબત ઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩(૧) મુજબ વચગાળાની જામીન અરજ.

*******************************************

// અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રી એન.એચ.ચૌધરી //

// સામાવાળા/સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી આર.પી.રાવલ //

*******************************************

## // જજમેન્ટ //

(૦૧) આ કામના અરજદાર/આરોપી પાટણ સીટી " એ " ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૧૯૨૬૦૧૯૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ - ૧૦૩(૧), ૧૨૬(૨), ૬૧(૨) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ – ૧૩૫ તથા હથિયાર ધારાની કલમ – ૨૫(૧–બી)(એ), ૨૭(૩) મુજબના ગુનાના કામે જ્યુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીને માતા મરણ ગયેલ અંતિમવિધી કરવા માટે દિન – ૨(બે) ના વચગાળાના જામીન ઉપર મુક્ત કરવાની માંગણી કરેલ છે.

(૧.૧) અરજદાર/આરોપીના લેખીત કથન અનુસાર અરજદાર આરોપીને સદર ગુનાના કામે અટક કરવામાં આવેલ અને ત્યારથી જ્યુડી. કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીના ભાઈ તા.૩૦/૦૫/૨૦૨૬ ના રોજ મૈયત થયેલ. આજરોજ તા.૩૧/૦૫/૨૦૨૬ નારોજ અરજદાર/આરોપીના ભાઈના મૃત્યુના સમાચાર સાંભળી અરજદાર/આરોપીની માતા સલમાબેન અબ્બાસભાઈને આઘાત લાગતા મરણ ગયેલ છે. અરજદાર/આરોપીની તેઓની માતાની અંતિમવિધીમાં ખાસ જરૂરીયાત છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો ફરીયાદ પક્ષને નુકશાન જાય તેમ નથી. અરજદાર/આરોપી જે શરતો મુકવામાં આવશે તેનું પાલન કરશે. સદર ગુનાના અન્ય આરોપીને અગાઉ જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે. જેથી અરજદાર/આરોપીને તેઓની માતાની અંતિમવિધીમાં હાજરી આપવા માટે દિન – ૨(બે) ના વચગાળાના જામીન ઉપર મુક્ત કરવા હાલની અરજી કરેલ છે.

(૦૨) આ કામે અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રી એન.એચ.ચૌધરી હાજર થયેલ છે. સદર જામીન અરજી સંબંધે સામાવાળા/ સરકારને નોટીસ કરતા વિ. એ.પી.પી. શ્રી આર.પી.રાવલ હાજર થયેલ છે.

(૦૩) અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રીની રજુઆત એવી છે કે, અરજદાર/આરોપીના ભાઈ તા.૩૦/૦૫/૨૦૨૬ ના રોજ તથા માતા

આજરોજ તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ આઘાતના કારણે મરણ ગયેલ છે. આ કામના અરજદાર/આરોપીની તેઓની માતાની અંતિમવિધીમાં હાજરી જરૂરી છે. અરજદાર/આરોપી કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરશે અને સમયસર જેલમાં પરત ફરશે. અરજદાર/આરોપી સ્થાવર, જંગમ મિલકત ધરાવે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. જેથી આ કામના અરજદાર /આરોપીને ૨(બે) દિવસના વચગાળાના જામીન ઉપર મુક્ત કરવા જણાવેલ છે.

(૦૪) આ કામે સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૧૦૩(૧) તથા આર્મ્સ એકટ મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/આરોપી વચગાળાના જામીન ઉપર મુક્ત થાય તો નાસી ભાગી જાય અને મુદતે હાજર રહે તેમ નથી અને ટ્રાયલ વિલંબમાં પડે તેમ છે. અરજદાર/આરોપી ઉપર અન્ય નવ ગુના નોંધાયેલ છે અને ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. અરજદાર/આરોપીના અન્ય ભાઈઓ અને પિતા હોવાનું જણાઈ આવે છે. આ કામના અરજદાર/આરોપી તરફે વચગાળાના જામીન માટે જે કારણો દર્શાવેલ છે તેના માટે અરજદાર/ આરોપીની હાજરીની જરૂરીયાત નથી. જેથી અરજદાર/આરોપી સામેના ગુનાની ગંભીરતા વિગેરે ધ્યાને લઈ વચગાળાની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૦૫) આ કામે અરજી વંચાણે લીધી તથા સંજોગો ધ્યાને લીધા. આ કામે અરજદાર/આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૧૦૩(૧), ૧૨૬(૨), ૬૧(૨) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ – ૧૩૫ તથા હથિયાર ધારાની કલમ – ૨૫(૧–બી)(એ), ૨૭(૩) મુજબનો ગુનો નોંધાયેલ છે. આ કામે અરજદાર/આરોપી તરફે તેઓની માતા સલમાબેન આજરોજ તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ મરણ ગયેલ હોઈ, તેઓની માતાની અંતિમવિધીમાં તેઓની હાજરીની જરૂરીયાત હોવાનું

જણાવેલ છે. આ બાબતે અરજદાર/આરોપી તરફે માર્ક – 3/૪ થી સુન્ની મુસ્લીમ કબ્રસ્તાન ટ્રસ્ટ, સિદ્ધપુરની નકલ રજુ કરેલ છે. વધુમાં જનરલ હોસ્પિટલ સિદ્ધપુરનું પ્રમાણપત્ર ધ્યાને લેતા અરજદારની માતા તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ૬–૪૫ વાગે મરણ પામેલ હોવાનું જણાઈ આવે છે. સદર કામે આ બાબતનો તપાસ કરનાર અધિકારીનો રીપોર્ટ આંક – ૬ થી રજુ થયેલ છે. જેમાં તપાસ કરનાર અધિકારીએ અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો નાસી ભાગી જાય તેમજ અરજદાર /આરોપીના અન્ય મોટાભાઈ તેમજ કુટુંબીઓ હાજર હોઈ વચગાળાના જામીન નામંજુર કરવા જણાવેલ છે. અરજદાર/આરોપી તરફે આંક – ૫ થી પુરસીસ આપી અરજદાર/આરોપીના માતાની દફનવિધી સુન્ની મુસ્લિમ કબ્રસ્તાન, સિદ્ધપુર મુકામે રાત્રે ૯–૦૦ વાગે કરવાની હોવાનું જાહેર કરેલ છે. આમ, સદર ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીના માતાનું તા.૩૧/૦૫/૨૦૨૬ નારોજ એટલે કે આજરોજ મરણ થયેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં સદર કામે ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીને બે દિવસના વચગાળાના જામીનની જરૂરીયાત હોવાનું જણાઈ આવતું નથી. સદર કામે સામાવાળા/સરકાર તરફે અરજદાર/આરોપી વચગાળાના જામીન ઉપર મુક્ત થશે તો તેઓ ઉપર ગુજરાત, રાજસ્થાન તેમજ આંધપ્રદેશ મુકામે ગુના નોંધાયેલ હોઈ નાસી ભાગી જાય તેવી દહેશત વ્યક્ત કરેલ છે. જેથી આ કામે અરજદાર/આરોપી સામેના કેસની હકીકત તથા સરકાર પક્ષ તરફે સેવેલ દહેશત તેમજ ઉપરોક્ત સમગ્ર હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીને પોલીસ જાપ્તા સાથે તા.૩૧/૦૫/૨૦૨૬ ના દિવસે સિદ્ધપુર મુકામે તેઓના માતાની જ્યાં દફનવિધી કરવાની છે તે સમય પુરતા વચગાળાના જામીન આપવાનું યોગ્ય જણાય છે. જેથી આ કામના અરજદાર/આરોપીની આ અરજી અંશતઃ મંજુર કરતો નીચે મુજબ હુકમ કરું છું.

## // હુ ક મ //

(૧) અરજદાર/આરોપીની આ અરજી આથી **અંશતઃ મંજુર** કરવામાં

..૫.....

આવે છે.

(૨) અરજદાર/આરોપી જાહીરખાન ઉર્ફે ખોખરો અબ્બાસખાન બેલીમ, રહે. પાટણ, ઠે. બુકડી, તા. જી. પાટણવાળાને પાટણ સીટી " એ " ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૧૯૨૬૦૧૯૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૧૦૩(૧), ૧૨૬(૨), ૬૧(૨) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ – ૧૩૫ તથા હથિયાર ધારાની કલમ – ૨૫(૧–બી)(એ), ૨૭(૩) મુજબના ગુનાના કામે આ કામના અરજદાર/આરોપીને પોલીસ બંદોબસ્ત સાથે તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ સિદ્ધપુર મુકામે તેઓની માતાની દફનવિધી કરવાની છે તે સુન્ની મુસ્લીમ કબ્રસ્તાન, સિદ્ધપુર મુકામે દફનવિધી પુર્ણ થાય તેટલા સમય સુધી નીચેની શરતોને આધીન સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જેલ ઓથોરીટીએ આ કામના અરજદાર/આરોપીને સિદ્ધપુર મુકામે લઈ જવા માટે તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ સાંજના ૭–૩૦ વાગે સોંપવો. સુન્ની મુસ્લીમ કબ્રસ્તાન ટ્રસ્ટ સિદ્ધપુર મુકામે કોઈ અનીચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્તને સહકાર આપવા સિદ્ધપુર પોલીસ સ્ટેશનને જાણ કરવી.

**// શરતો //**

(૧) આ કામના અરજદાર/આરોપી ઉપર બંદોબસ્તમાં જનાર પોલીસે સદર સમય દરમિયાન ચાંપતી નજર રાખવી.

(૨) અરજદાર/આરોપીને સદર સમય પુરો થયા બાદ પોલીસ બંદોબસ્તે સબ જેલ, પાટણમાં રજુ કરવો અને સબ જેલમાં રજુ કર્યા બાદ તે અંગેનો રીપોર્ટ સબ જેલ, પાટણએ સંબંધીત અદાલતને કરવાનો રહેશે.

(૩)અરજદાર/આરોપીએ આ સમયગાળા દરમિયાન ફરીયાદ પક્ષના

..૬.....

સાહેદોને ધાક ધમકી કે લાલચ, પ્રલોભન આપવું નહીં તેમજ સદરહું કેસના પુરાવા સાથે ચેડા થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહીં.

– હુકમની સબ જેલ, પાટણને તેમજ સબંધીત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૧/૦૫/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ,
પાટણ.
( **Judge U.I.Code No. GJ** 00524 )

( **BKP** )